# પોરબંદરમાં ગાંધીજી કાવ્યાત્મક રીતે રજુ થયા

## ગુરૂકુળ મહિલા કોલેજમાં ગાંધી કાવ્યઉત્સવનું આયોજન સંપન્ન

પોરબંદર તા. ૬

પોરબંદરમાં ગાંધીજીને કાવ્યાત્મક રીતે આર્યકન્યા ગુરૂકુળમાં રજુ કરવામાં આવ્યા હતા.

મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ નિમિતે સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા ગુરૂકુલ મહિલા કોલેજના સહયોગથી ગાંધી -કાવ્યોત્સવનું આયોજન સર્જનાત્મક અભિવ્યક્તિધારાના નેજાહેઠળ કરવામાં આવેલ. આ કાવ્યોત્સવના ઉદઘાટક પોરબંદરના પ્રસિધ્ધ સાહિત્યકાર ઇતિહાસવિદ અને પુરાતત્વના જાણકારી નરોતમભાઇ પલાણ રહ્યા હતા. આ કાવ્યોત્સવમાં પધારેલા નરોતમભાઇ પલાણ, વિનોદભાઇ જોશી, કવિશ્રી મનોજ જોશી, ભાગ્યેશ જહા, સ્નેહી પરમાર, લક્ષ્મી ડોબરિયા, રાકેશ હાંસલિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કવિવૃંદ તથા પધારેલા અન્ય મહેમાનોનું શાબ્દિક સ્વાગત કોલેજના પ્રિન્સીપાલ ડો. અનુપમભાઇ નાગરે કરેલું તથા સ્વાગતની સાથે નાગર સેરે પોતાની આગવી શૈલીમાં ગાંધીજી તથા ગુરૂકુળની તપોભૂમિ વિશે કાવ્ય પ્રસ્તુત કરેલ. આ કાવ્યોત્સવના ઉદઘાટક પોરબંદરના પ્રસિધ્ધ સાહિત્યકાર ઇતિહાસવિદ અને પુરાતત્વના જાણકાર નરોતમભાઇ પલાણે પોતાના વક્તવ્યમાં ગાંધીજીના આ ભૂમિમાં પગલા પડયા ત્યારથી લઇ તેઓએ સ્થાપેલ છાત્રાની સંસ્થાનો ઉલ્લેખ કર્યો. આ ઉપરાંત ગાંધીજી વિશે પ્રથમ કવિતા દુહા દ્વારા કવિ ભુદરજી જોશીએ લખી જેમાં ગાંધીજીના જીવન ચારિત્રની ઝાંખી જોવા મળે છે. ડો. વિનોદ જોશી જેઓ સંયોજક ગુજરાતી પરામર્શ મંડળ, સાહિત્ય અકાદમી દિલ્હી જેઓએ પોતાના વક્તવ્યમાં કાવ્ય વિશે, કાવ્યના મર્મ અને ભાવ વિશે, સાહિત્ય અકાદમીનો પરિચય અને અકાદમીની પ્રવૃતિ વિશે સુંદર સમજ આપી. અને અકાદમી દ્વારા દર ૧૧ કલાકે ૧ પુસ્તક પ્રકાશિત થાય છે તે જણાવેલ. આ ઉપરાંત દેશની ૨૪ ભાષાઓ ઉપર સુંદર કાર્ય થાય છે તેવું જણાવેલ. જયારે કવિ તરીકે તેઓએ સરળ સહજરૂપે પોતાના કાવ્યનું ગાન કરીને છાત્રાઓને રસથી તરબોળ કરી દીધી. ધો. ૧૦, ૧૨ માં ગુજરાતી વિષયમાં પોતાના કાવ્યોને સુંદરરૂપે રજુ કરેલ. કવિ વિનોદ જોશીએ દીકરીના જીવનની વાસ્તવિકતાને કુંચી આપો બાયજી! તમે કયા પટારેથી મારા મૈયરની શરણાઇજી ! રજુ કરી જેમાં તેઓની સરળતા અને સહજતાના દર્શન થયેલા. તેવી રીતે રાકેશ હાંસલિયા કવિ મનોજ જોશી વગેરેએ ગાંધીજી પર પોતાની કવિતાઓને રજુ કરેલ.

કવિ સ્નેહી પરમારે પણ પોતાની કવિતા સુંદરરૂપેરજુ કરી સાથ સુંદર ગઝલ પણ વ્યકત કરી. કવિયત્રી લક્ષ્મી ડોબરિયાએ ગાંધીજીને દેશના ગૌરવ મહાત્મા અને સત્ય અહિંસાનું વ્રત કાયમી પાળી દુનિયાને તેની તાકાત બતાવી તેવા ભાવસભર કાવ્યની પ્રસ્તુતિ કરી. કવિશ્રી ભાગ્યેશ જહાએ ગુજરાતી અને અંગ્રેજીમાં ગાંધીજીના જીવનને ધ્યાનમાં રાખીને કવિતા પ્રસ્તુત કરી. કવિ રાકેશ હાંસલિયાએ તાજેતરે કહ્યું કેટલીને, હવે હવા પણ આપશે ઉકરળીને ક્રમ દ્વારા વર્તમાન જીવન અને પ્રદુષણ પર વાત કરી. વિદ્યાર્થીની અદિતિ દવેએ પોતાની પ્રથમ કૃતિ ગાંધીજી પર લખેલી જે સુંદર રીતે રજુ કરી. કાર્યક્રમનું સંચાલન ડો. શાંતિબેન મોઢવાડિયા તથા ડો. સ્નેહલ જોશીએ કરેલ તથા આભારદર્શન ડો. ઉષાબેન મકવાણાએ કરેલ. સમગ્ર કાર્યક્રમમાં પ્રેરણા અને પ્રોત્સાહન પ્રિન્સીપાલ ડો. નાગરે પુરૂ પાડેલ તથા અધ્યાપક મિત્રોના પુરા સહયોગથી કાર્યક્રમને સફળતા મળેલ.



### કોલીખાડીમાં બરડાઈ બ્રહ્મસમાજની નવરાત્રીમાં સ્પર્ધકો ને કીટ વિતરણ

બરડાઈ બ્રાહ્મણ મહિલા વૃંદ દ્વારા તાજેતરમાં પોરબંદરના કોલીખાડામાં આવેલી બરડાઈ બ્રાહ્મણની વંડી ખાતે ગરબા, રાંદીયા, આરતી સુશોભન હરિફાઈ રાખવામાં આવી હતી. જેમાં સુંદર પોશાક અને સુંદર સ્ટાઈલ સ્પર્ધા બાળકો તેમજ યુવતીઓ તથા મહિલાઓ માટે યોજાઈ જેમાં ઈનામોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. સહુએ માં ની આરાધના કરી ગરબે પણ રમ્યા હતા તેમજ જરૂરીયાતમંદ ૧૦ પરિવારને અનાજની કીટ પણ આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં સંસ્થાના પ્રમુખ નિમિષા જોષી, મહામંત્રી ગીતા મોઢા તથા હરિંદાબેન થાનકીએ જહેમત ઉઠાવી હતી.

(તસ્વીર: જિતેશ પોપટ)

# પોરબંદરમાં ગાંધીજી કાવ્યમાં જીવંત થયા

## ગુરૂકુળ મહિલા કોલેજમાં ગાંધી કાવ્યઉત્સવનું આયોજન સંપન્ન

આજકાલ પ્રતિનિધિ

**પોરબંદર**

પોરબંદરમાં ગાંધીજીને કાવ્યાત્મક રીતે આર્યકન્યા ગુરૂકુળમાં રજુ કરવામાં આવ્યા હતા.

મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ નિમિતે સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા ગુરૂકુલ મહિલા કોલેજના સહયોગથી ગાંધી -કાવ્યોત્સવનું આયોજન સર્જનાત્મક અભિવ્યકિતધારાના નેજાહેઠળ કરવામાં આવેલ. આ કાવ્યોત્સવના ઉદઘાટક પોરબંદરના પ્રસિધ્ધ સાહિત્યકાર ઈતિહાસવિદ અને પુરાતત્વના જાણકારી નરોતમભાઇ પલાણ રહ્યા હતા. આ કાવ્યોત્સવમાં પધારેલા નરોતમભાઇ પલાણ, વિનોદભાઇ જોશી, કવિશ્રી મનોજ જોશી, ભાગ્યેશ જહા, સ્નેહી પરમાર, કવિ સ્નેહલ જોશી, લક્ષ્મી ડોબરિયા, રૂાકેશ હાંસલિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કવિવૃંદ તથા પધારેલા અન્ય મહેમાનોનું શાબ્દિક સ્વાગત કોલેજના પ્રિન્સીપાલ ડો. અનુપમભાઇ નાગરે કરેલું તથા સ્વાગતની સાથે નાગર સેર પોતાની આગવી શૈલીમાં ગાંધીજી તથા ગુરૂકુલની તપોભૂમિ વિશે કાવ્ય પ્રસ્તુત કરેલ.



પોરબંદરની ગુરૂકુળ કોલેજમાં ગાંધી કાવ્યોત્સવનું આયોજન કરવામાં આવ્યું ત્યારેની તસ્વીર. (તસ્વીરઃ જીજ્ઞેશ પોપટ)

આ કાવ્યોત્સવના ઉદઘાટક પોરબંદરના પ્રસિધ્ધ સાહિત્યકાર ઈતિહાસવિદ અને પુરાતત્વના જાણકાર નરોતમભાઇ પલાણે પોતાના વકતવ્યમાં ગાંધીજીના આ ભૂમિમાં પગલા પડયા ત્યારથી લઇ તેઓએ સ્થાપેલ છાયાની સંસ્થાનો ઉલ્લેખ કર્યો. આ ઉપરાંત ગાંધીજી વિશે પ્રથમ કવિતા દુહા દ્વારા કવિ ભુદરજી જોશીએ લખી જેમાં ગાંધીજીના જીવન ચારિત્રની ઝાંખી જોવા મળે છે.

ડો. વિનોદ જોશી જેઓ સંયોજક ગુજરાતી પરામર્શ મંડળ, સાહિત્ય અકાદમી દિલ્હી જેઓએ પોતાના વકતવ્યમાં કાવ્ય વિશે, કાવ્યના મર્મ અને ભાવ વિશે, સાહિત્ય અકાદમીનો પરિચય અને અકાદમીની પ્રવૃતિ વિશે સુંદર સમજ આપી. અને અકાદમી દ્વારા દર ૧૧ કલાકે ૧ પુસ્તક પ્રકાશિત થાય છે તે જણાવેલ. આ ઉપરાંત દેશની ૨૪ ભાષાઓ ઉપર સુંદર કાર્ય થાય છે તેવું જણાવેલ. જયારે કવિ તરીકે તેઓએ સરળ સહજરૂપે પોતાના કાવ્યનું ગાન કરીને છાત્રાઓને રસથી તરબોળ કરી દીધી. ધો. ૧૦, ૧૨ માં ગુજરાતી વિષયમાં પોતાના કાવ્યોને સુંદરરૂપે રજુ કરેલ. કવિ વિનોદ જોશીએ દીકરીના જીવનની વાસ્તવિકતાને કુચી આપો બાયજી! તમે કયા પટારેમેલી મારા મૈયરની શરણાઇજી ! રજુ કરી જેમાં તેઓની સરળતા અને સહજતાના દર્શન થયેલા. તેવી રીતે રાકેશ હાંસલિયા કવિ મનોજ જોશી વગેરેએ ગાંધીજી પર પોતાની કવિતાઓને રજુ કરેલ.

કવિ સ્નેહી પરમારે પણ પોતાની કવિતા સુંદરરૂપરજુ કરી સાથ સુંદર ગઝલ પણ વ્યકત કરી. કવિયત્રી લક્ષ્મી ડોબરિયાએ ગાંધીજીને દેશના ગૌરવ ગણાવ્યા અને સત્ય અહિંસાનું વ્રત કાયમી પાળી દુનિયાને તેની તાકાત બતાવી તેવા ભાવસભર કાવ્યની પ્રસ્તુતિ કરી.

કવિશ્રી ભાગ્યેશ જહાએ ગુજરાતી અને અંગ્રેજીમાં ગાંધીજીના જીવનને ધ્યાનમાં રાખીને કવિતા પ્રસ્તુત કરી. કવિ રાકેશ હાંસલિયાએ તબીયતે કહ્યું કંટાળીને, હવે હવા પણ આપજો ઉકાળીને કાવ્ય દ્વારા વર્તમાન જીવન અને પ્રદુષણ પર વાત કરી. વિદ્યાર્થીની અદિતિ દવેએ પોતાની પ્રથમ કવિત ગાંધીજી પર લખેલી જે સુંદર રીતે રજુ કરી. કાર્યક્રમનું સંચાલન ડો. શાંતિબેન મોઢવાડિયા તથા ડો. સ્નેહલ જોશીએ કરેલ તથા આભારદર્શન ડો. ઉષાબેન મકવાણાએ કરેલ. સમગ્ર કાર્યક્રમમાં પ્રેરણા અને પ્રોત્સાહન પ્રિન્સીપાલ ડો. નાગરે પુરૂ પાડેલ તથા અધ્યાપક મિત્રોના પુરા સહયોગથી કાર્યક્રમને સફળતા મળેલ.

# પોરબંદરમાં કાવ્ય મર્મ, ભાવ અને સાહિત્ય અકાદમીની પ્રવૃતિ વષે માર્ગદર્શન અપાયું



પોરબંદર | પોરબંદરમાં આર્યકન્યા ગુરૂકુળ ખાતે યોજાયેલ ગાંધી કાવ્યોત્સવ પ્રસંગે કાવ્ય મર્મ, ભાવ અને સાહિત્ય અકાદમીની પ્રવૃતિ વષે માર્ગદર્શન અપાયુ હતુ. પોરબંદરમાં પુ. મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ પ્રસંગે સાહિત્ય અકાદમી દીલ્લી દ્વારા ગુરૂકુળ મહિલા કોલેજ ખાતે ગાંધીકાવ્યોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે ઈતિહાસવિદ અને પુરાતત્વના જાણકાર નરોતમ પલાણે પુ. મહાત્મા ગાંધીજીના જીવન ચરિત્ર અંગે વિષ્તૃતમાં માર્ગદર્શન આપ્યુ હતુ. તેમજ આ કાર્યક્રમમાં વકતાઓએ કાવ્ય મર્મ, ભાવ અને સાહિત્ય અકાદમી વિષે માર્ગદર્શન આપ્યુ હતુ આ તકે કોલેજના પ્રિન્સીપાલ અનુપમ નાગર સહિત કોલેજની વિધાર્થીનીઓ મોટી સંખ્યમાં ઉપસ્થિત રહી હતી.